'સંદેશ' સહઆયોજિત 'તલાશ-૨૦૧૩'

# અમદાવાદમાં રોબોવોર્સ

**આઇઆઇટી-દિલ્હી દ્વારા દર વર્ષે યોજવામાં આવતી રોબોટિક્સ ઇવેન્ટ 'રોબોટ્રીસ્ટ'ના ઝોનલ રાઉન્ડ પહેલીવાર સિલ્વર ઓક કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજીના ટેક્ ફેસ્ટ 'તલાશ-૨૦૧૩'માં યોજાશે. 'સંદેશ' સહઆયોજિત 'તલાશ-૨૦૧૩'માં રોબોટિક્સની આ ઇવેન્ટ અંગે એન્જિનિયરિંગ સ્ટુડન્ટ્સ ખૂબ જ એક્સાઇટેડ છે.**



ઓનલાઇન રજિસ્ટ્રેશન માટે : www.robotryst.com

**અમદાવાદ : ૨૨ ફેબ્રુઆરી ૨૦૧૩** સંદેશ પાના નં-૪, શનિવાર

રોબોટિક્સની ટોચની ઇવેન્ટ 'રોબોટ્રીસ્ટ'નું આયોજન ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી-દિલ્હી (આઇઆઇટી-ડી) દ્વારા કરવામાં આવતું હોય છે. આ કોમ્પિટિશનનો ઝોનલ રાઉન્ડ પહેલીવાર અમદાવાદમાં યોજાશે. 'રોબોટ્રીસ્ટ'નું રજિસ્ટ્રેશન સિલ્વર ઓક કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજીના ઇસી ડિપાર્ટમેન્ટમાં ૨૬ ફેબ્રુઆરી સુધી સવારે ૯થી સાંજે ૫ દરમિયાન કરાવી શકાશે. કોમ્પિટિશન માટે મિનિમમ ૪ કે મેક્સિમમ ૫ સ્ટુડન્ટ્સની ટીમ હોવી જરૂરી છે. જેની રજિસ્ટ્રેશન ફી પ્રતિ સ્ટુડન્ટ ૧,૧૫૦ રૂ. જેટલી છે. રજિસ્ટર્ડ ટીમને રોબોટ્રીસ્ટ તરફથી ૩,૫૦૦ રૂ.ની રોબોટ કીટ ફ્રીમાં આપવામાં આવશે. રજિસ્ટર્ડ ટીમ માટે ૧લી માર્ચે રોબોટ્રીસ્ટ દ્વારા ખાસ થિયેરોટિકલ વર્કશોપ કન્ડક્ટ કરવામાં આવશે. જ્યારે બીજી માર્ચે કીટ દ્વારા રોબોટ મેકિંગ શીખવાડવામાં આવશે તથા તેની કોમ્પિટિશન યોજાશે. આ કોમ્પિટિશનના વિનર્સને દિલ્હીમાં રોબોટ્રીસ્ટના ફાઇનલ રાઉન્ડમાં વાઇલ્ડ કાર્ડ એન્ટ્રી મળશે. દરેક સ્ટુડન્ટને સર્ટિફિકેશન ઓફ પાર્ટિસિપેશન મળશે.

ROBOTRYST-2013